સમસ્ત ખરક જ્ઞાતિનું ઈ-માસિક પત્ર

# ખરક સમાજ દર્પણ

તંત્રી : આનંદ સેતા

કાર્યાલય : ૩૭, મહાલક્ષ્મી, વી.ટી.નગર, મહુવા - ૩૬૪ ૨૯૦.

E-mail : kharaksamajdarpan@gmail.com / www.kharaksamajdarpan.in / Mo. 99254 87956

વર્ષ : ૨ | માર્ચ - ૨૦૨૨ | અંક : ૩ (પેઈજ : ૮)

## તંત્રી સ્થાનેથી



સુજ્ઞ જ્ઞાતિજનો, નમસ્કાર...

તાજેતરમાં કંસારા પરિવાર ભુંભલી આયોજીત ભાગતકથાના સમાપન વખતે યજમાનના ગુરૂવર્ય રમજુબાપુએ જ્ઞાતિને ઉદ્દેશીને એક સરસ વાત કરી... તમે બધા જૂઓ છો કે આ દિવેટિયામાં એક એકલી વાટ પ્રગટાવો તો પવનના કારણે તુરંત ઓલવાય જાય પરંતુ બધી જ વાટ એક સાથે ભેગી કરી દીવો પેટાવો તો જયોત પણ મોટી મળે અને પંખાના ફડફડાટ વચ્ચે પણ દીવો ઓલવાતો નથી. ટકી શકે છે. બસ આમ જ જ્ઞાતિએ એકલા-એકલા નહી પણ સાથે સાથે પ્રગટવાનું છે. એક થશો તો કોઈપણ પરિબળ તમને તોડી નહી શકે. ઓલવી નહી શકે. સંપ, સંગઠન અને સહકારની વાત વગર ઉધ્ધાર નથી. જ્ઞાતિમાં કામ કરનાર સતત દાઝતો રહે છે તેનું કારણ શું? તે તપાસવાનો સમય થયો છે. બીજો એ બીજો નથી પણ મારો ભાઈ છે. તેજોદ્વેષ અને 'અહંમ' ના જોડા જ્ઞાતિ-મંડળ (મંદિર) માં બહાર કાઢીને જવાનું છે. બીજું હું જ્ઞાતિનું કામ કરું છુ તે કોઈ ઉપર ઉપકાર કરતો નથી. આપણા વડવા પણ નાત માટે ઘણા આંબા વાવીને ગયા છે. તમે તમારી આવતી પેઢી માટે થોડું કામ કરો છો તેનું અભિમાન શા માટે? જાહેરમાં કામ કરવા નમ્રતા, સંઘભાવના અને મારાપણું - પાયાના ગુણ છે તે કયારેય ન ભૂલો. સમાજમાં જે કંઈ કરતા નથી તેવા લોકો બીજા જે કરે છે તેના 'ટાંટિયા' ખેચવાનું કામ કરે છે. તેવા લોકો ખાસ ચેતી જાય કે હું મારા પગ ઉપર કૂહાડો મારુ છું. કારણ મારા જ સંતાનો માટે ઘસાઈ રહેલા લોકોના ઉત્સાહને હું પોતે તોડું છું. મકાન બનાવવું અઘરું છે તોડવું તો સહેલું છે. આથી જ્ઞાતિ માટે કામ કરનાર આદરને પાત્ર છે. 'પોઝીટીવીટી' બધા રોગની દવા છે. 'નડો નહી તો પણ મોટી સેવા છે' તે વાત કાર્યકરે તથા સામાન્ય માણસે બંનેએ શીખવા જેવી છે. આપણા કરતાં અન્ય સમાજ આગળ જતાં જાય છે ત્યારે 'હમ એક હૈ એક હી રહેંગે' પાકું કરી મારાથી થાય એટલું થોડું પણ કામ કરું ખોટો 'લખારો' ન કરું. તન, મન અને ધન ત્રણે સમાજના ચરણે ધરું અને મારી અને મારા સમાજની આવતી કાલને વધુ ઉજવળ કરું. હું કે મારો સમાજ કયાં સુધી અંધારામાં રહેશે? 'હું' મટી 'આપણે' બનીએ એટલે અજવાળું અજવાળું જ છે.

**આનંદ સેતા** તંત્રીશ્રી, ખરક સમાજ દર્પણ, મહુવા

## સલામ



નામ : ભોજાણી વિશાલ

પિતા : સવજીભાઈ રવજીભાઈ

વતન : અવાણિયા તા. ઘોઘા.

માતા : મંજુબેન પત્નિ : વનિતા

અભ્યાસ : ધો. ૧૦+૨

હાલ કાર્યક્ષેત્ર : અભ્યાસ

મિલટ્રી કોલેજ (તેલંગાણા)

સંદેશ : આ વાત હવાઓને કહીં રાખજો.
પ્રકાશ થશે, બસ ચિરાગ જલાવી રાખજો.
લોહી આપી, જેની અમે રક્ષા કરી છે.
એવા તિરંગાને દિલમાં વસાવી રાખજો.

## કરલો દુનિયા મુઠ્ઠીમેં
(વિદેશ વસતા જ્ઞાતિબંધુઓ)



નામ : વળિયા ભૂપત લક્ષ્મણભાઈ

પિતા : સ્વ. લક્ષ્મણભાઈ ગોવિંદભાઈ વળિયા

વતન : તરેડ, તા. મહુવા.

દેશ : કમ્પાલા યુગાંડા (ઈસ્ટ-આફ્રિકા)

અભ્યાસ : ડિપ્લોમા ઈન ફાર્મસી (ડી. ફાર્મા)

કાર્યક્ષેત્ર : ટ્રેડિંગ (બીઝનેસ)

અનુભવ : ૮ વર્ષ

હોદ્દો : સિનીયર ડાયરેક્ટર

પરિવાર : અલ્પા (પત્નિ) નિકિતા (પુત્રી)

નિવાસ : FLT-1, PROPERTY SERVICES BUILDING NAMIREMBE ROAD,

મોબાઈલ : +૨૫૬ ૭૫૨૩૪૧૨૨૨

## સમાચાર દર્પણ

### સમસ્ત ખરક સમાજ : જનરલ સભા - તળાજા




૧


૨


૩


૪


૫


૬

સમસ્ત ખરક સમાજની જનરલ સભા તળાજા ખાતે તા. ૧૩/૩/૨૨ના રોજ મળી જેમાં સારી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ મળ્યા. શ્રી ભરતભાઈ ઠંઠને પ્રમુખ તરીકે શ્રી શૈલેષભાઈ સેંતાને ઉપપ્રમુખ તરીકે તથા મંત્રી તરીકે શ્રી શામજીભાઈ સોલંકીને આગામી પાંચ વર્ષ માટે ફરી પસંદ કરાયા. જયારે ખાલી પડેલ ટ્રસ્ટીની જગ્યા ઉપર

(૧) વાલજીભાઈ ઘુસાભાઈ ભૂત (લીલીવાવ)
(૨) સવજીભાઈ છગનભાઈ ઠંઠ (મહુવા)
(૩) મગનભાઈ રવજીભાઈ ગોહિલ (મહુવા)
(૪) છગનભાઈ ગવરાભાઈ સેંતા (વાળુકડ)
(૫) સોંડાભાઈ દેવજીભાઈ ટાઢા (ઠળિયા)
(૬) ડૉ. આર.ઝેડ વળિયા (ઓપ્ટ. ટ્રસ્ટી)

ની નિમણૂંક કરવામાં આવી જયારે જ્ઞાતિના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓ તરફ વળે, જ્ઞાતિના કુરીવાજો બંધ થાય, મહિલા સંમેલન યોજવા તથા સુરક્ષા મહાકુંભ અભિયાન બાબતે વિચારણા કરવામાં આવી.

આ ઉપરાંત હનુમાન જયંતિ નિમિત્તે ઉંચડીયા હનુમાનજીને મહાપ્રસાદ ધરાવવામાં આવેલ અને ૧૭/૪/૨૨ના રોજ તળાજા કારોબારીની મીટીંગ રાખવામાં આવેલી.

## અભિનંદન



**મહુવા :** વાળુકડના વતની પ્રશાંતભાઇ હિંમતભાઇ ખોડીફાડની તાજેતરમાં રાજકોટ મહાનગર પાલિકામાં 'મકાન બાંધકામ' વિભાગમાં જુનિયર કલાર્ક તરીકે નિમણૂંક થયેલ છે. ખરક સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે.



**બપાડા :** જયજનની સાયન્સ સ્કૂલના વિદ્યાર્થી કામળિયા ચેતનભાઇ બાલાભાઇ (ત્રાપજ) ખેલ મહાકુંભમાં ટેબલટેનિસ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ વિજેતા બની રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. શાળા તથા વિજેતાને ખરક સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે.



**ડુંડાસ (ભુંભલી) :** શ્રી ડુંડાસ કેન્દ્રવર્તિ શાળાના શિક્ષક શ્રી મુકેશભાઇ કોરડિયાના પુત્ર યુગ ધો. ૪ માં અભ્યાસ કરે છે. ચેસ તેમના રસનો વિષય હોવાથી આ વરસે અંડર ૧૧ ની ચેસ સ્પર્ધામાં સમગ્ર મહુવા તાલુકામાં ખેલ મહાકુંભમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. આ અગાઉ ૨૦૧૯માં રંગોત્સવ સેલિબ્રેશન ફાઉન્ડેશન - મુંબઇ દ્વારા યોજાયેલ ઝોન કક્ષાની કોલાઝ તથા રંગપૂરણી સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પણ મેળવેલ. ખરક સમાજ દર્પણ તેને અભિનંદન પાઠવે છે.



**મહુવા :** જ્ઞાનમંજરી સ્કૂલ મહુવાના સંચાલક તરીકે તથા CBSC તથા સાયન્સ વિભાગના હેડ તરીકે આપણી જ્ઞાતિના ઉત્સાહી યુવા મિત્ર જય સેંતા ની નિમણુંક કરવામાં આવી જે ગૌરવની વાત છે. જેઓ છેલ્લા ૧૪ વર્ષથી સ્પર્ધાત્મક પરીક્ષા સાથે સંકળાયેલા છે અને દિલ્હી, પુના, અમદાવાદ, નાગપુર અને રાજકોટ જેવા શહેરોમાં કામ કરી ચુકયા છે. ખરક સમાજ દર્પણ તેમને અભિનંદન પાઠવે છે.



**ભુંભલી :** તાજેતરમાં લેવાયેલ G SET ની પરીક્ષામાં કાપડિયા શૈલેષભાઇ રાણાભાઇએ ગુજરાતી વિષયમાં આસી. પ્રોફેસરની લાયકાત માટે G SET ની પરીક્ષા તા. ૧/૪/૨૨ ના રોજ પાસ કરી.



**તળાજા :** ડૉ. પાર્થ ધીરૂભાઇ સેંતા (B.D.S.) ની નિમણુક કલાસ ૨ ડેન્ટલ સર્જન તરીકે તા. ૨૭/૪/૨૨ના રોજ ગીરગઢડા ખાતે થયેલ છે. જેઓએ ડેન્ટિસ્ટ તરીકે શિહોર ખાતે ૬ વરસ અનુભવ મેળવેલ છે. સરકારી નોકરી મેળવવા બદલ ખરક સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે.

## શુભ ઉદ્‌ઘાટન



**મહુવા :** ઉખરલાના વતની શ્રી ડૉ. ચંદુભાઇ પ્રેમજીભાઇ ભુત (B.P.T. M.P.T. (Neuro) M.I.A.P. F.I.M.T. GSCET 903) દ્વારા દેવ ફિઝિયોથેરાપી એન્ડ રીહેબીલીટેશન સેન્ટર (સાંધા, સ્નાયુ, હાડકાના રોગ તથા પેરાલીસીસના નિષ્ણાંત) નું શુભ ઉદ્‌ઘાટન પૂ. માતા-પિતાના વરદ્ હસ્તે તા. ૧૬-૪-૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું. તેઓ સુરેન્દ્રનગર તથા આર.એમ.ડી. હૉસ્પિટલ પાલીતાણા ખાતે અનુભવ લઇને આવેલ છે. મહુવા ખાતે તેઓ સૌ પ્રથમ ન્યુરો ફિઝિયોથેરાપીસ્ટ છે. સ્થળ : ૨૭૨, નૂતનનગર, ડૉ. આહિર સાહેબના દવાખાના સામે, કુબેરબાગ રોડ, મહુવા. મો. ૯૬૨૪૭૬૬૫૭૬

**વાળુકડ :** પટેલિયા સાગરભાઇ રણછોડભાઇ વગેરે દ્વારા રામદેવ ઇલેકટ્રીકનું શુભ ઉદ્‌ઘાટન તા. ૨/૫/૨૦૨૨ ને સોમવારના રોજ કરવામાં આવ્યું. સ્થળ : ૦૯ વેકૈંજા શોપર, માનસરોવર બંગ્લોઝ સામે, ભીમરોડ, અલથાણા. સુરત. મો. ૭૩૮૩૨૨૦૫૫૪

**ઉલ્લાસનગર (મહારાષ્ટ્ર) :** શ્રી અશોકભાઇ ચભાડિયા (બોરડા) તથા શ્રી જીતુભાઇ કુચા (ઉખરલા) દ્વારા રામદેવ થ્રેડ નું શુભ ઉદ્‌ઘાટન તા. ૨૨/૪/૨૨ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : ઉલ્લાસનગર મહારાષ્ટ્ર (થાણા) ૨ નંબર ગજાનંદ માર્કેટ પાસે, ગોપી ટ્રાન્સપોર્ટની બાજુમાં, મો. નં. અશોકભાઇ ચભાડિયા ૮૯૯૯૪૪૭૪૨૪ જીતુભાઇ કુચા ૮૯૦૫૦૬૧૬૧૬

**તળાજા :** રવિભાઇ છગનભાઇ સાંગાણી (સાંખડાસર-૨) દ્વારા શ્રી લક્ષ્મી જનરલ સ્ટોર (કરિયાણા સ્ટોર) નું શુભ ઉદ્‌ઘાટન તા. ૩/૫/૨૨ ને અખાત્રીજના દિવસે પૂ. માતા પિતાના વરદ હસ્તે કરવામાં આવ્યું. સ્થળ : ગોપાલ ભુવન કોમ્પલેક્ષ, જુનુ બસ સ્ટેન્ડ, આઇસીઆઇસીઆઇ બેંકની બાજુમાં, તળાજા. ફોન : ૬૩૫૫૫૭૬૨૦૨૧

**ભાવનગર :** દિહોર નિવાસી વિપુલભાઇ દેવજીભાઇ વળિયા વગેરે દ્વારા ભારત કાર (એસેસરીઝ, ટાયર્સ, બેટરી, કાર સર્વિસ) નું શુભ ઉદ્‌ઘાટન તા. ૧૮/૩/૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું. સંપર્ક : પ્લોટ નં. ૧૪૨, રાધેશ્યામ પાર્ક, લીલા સર્કલથી ટોપથ્રી, રીંગ રોડ, ભાવનગર. ફોન : ૮૮૪૯૭૧૮૨૫૧


**મહુવા :** માળવાવવાળા નરશીભાઇ લાખાભાઇ વાળાકી તથા સાગરભાઇ નરશીભાઇ વાળાકી દ્વારા ખાખીબાપુ ઓટો ગેરેજ એન્ડ સર્વિસ સ્ટેશનનું શુભ ઉદ્‌ઘાટન તા. ૪/૪/૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : ડાયમંડનગર, નવા બસ સ્ટેન્ડ પાછળ, મહુવા. મો. ૯૭૨૪૭૮૫૨૫૮

## જ્ઞાતિ સમાચાર

### ભાવનગર કે.ડી.એ. ગ્રૃપ દ્વારા યોજાયેલ ફ્રેશર પાર્ટી



દર વરસની માફક મેડિકલમાં પ્રવેશ મેળવનાર અને અભ્યાસ કરતા તમામ મિત્રોની એક ફ્રેશર પાર્ટીનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા. ૨૧/૪/૨૨ના રોજ ઓનેસ્ટ રેસ્ટોરન્ટ ભાવનગરમાં કે.ડી.એ. ગ્રૃપ - ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. જેમાં સિનિયર ડૉકટર મિત્રો ડૉ. અરવિંદભાઇ કુચા, ડૉ. રવિ ટાઢા, ડૉ. પ્રતિક કુચા, ડૉ. જિજ્ઞેશભાઇ કામળિયા તથા ડૉ. નિલમબેન કુચા દ્વારા 'સ્પીચ' અપાઇ ત્યારબાદ ભોજન સમારંભ રાખવામાં આવેલ.



**સેંતા પરિવાર :** કૂળદેવી મઢ - તાજેતરમાં યોજવામાં આવેલ યજ્ઞ / હવન નિમિત્તે મુખ્ય યજ્ઞ કુંડના દાતા તરીકે ગિગેવ એન્ટરપ્રાઇઝ (પુના) ગિગેવ પ્લાસ્ટીક (મહુવા) ના માલિક શ્રી ગિરધરભાઇ ઘુસાભાઇ સેંતા (હાલ પુના) એ રૂ. ૫૬૫૦૧ના ચડાવો બોલી મુખ્ય યજ્ઞ યજમાન બનવાનો લાભ લીધો.

**અ.નિ. કાનજીભાઇ પુનાભાઇ સેંતા કોમ્યુનિટી હોલ**
**(કે.પી.સેંતા કોમ્યુનિટી હોલ)**
અ.નિ. પુનાભાઇ નથુભાઇ સેંતા - અ.નિ. રાણાભાઇ પુનાભાઇ સેંતા
હ. ગં.સ્વ. શિવકુંવરબેન કાનજીભાઇ સેંતા - શ્રી મોહનભાઇ પુનાભાઇ સેંતા - મહુવા

મહુવા ખરક જ્ઞાતિની વાડીમાં કરવામાં આવેલ નવા બાંધકામમાં ત્રણમાળનું બિલ્ડીંગ (હોલ) બનાવેલ છે જેમાં હોલ નંબર ૧ ગ્રાઉન્ડ ફ્લોરના દાતા તરીકે અક્ષર નિવાસી કાનજીભાઇ પુનાભાઇ સેંતા બનેલ હોવાથી આ કોમ્યુનીટી હોલનું નામ કે.પી. સેંતા કોમ્યુનીટી હોલ રાખવામાં આવેલ છે તેવું ટ્રસ્ટી મંડળે જાહેર કરેલ છે.

RELIGARE | BROKING
Values that bind

શેરબઝાર - કોમોડિટી - મ્યુચલફંડ
ઇન્સ્યોરન્સ - આઈ પી ઓ - પાનકાર્ડ અને
પાસપોર્ટ સર્વિસ માટે નું ભરોસાપત્ર સ્થળ

**2007** સતત એકધારી સર્વિસ

લાઈફટાઈમ ડીમેટ એકાઉન્ટ ફક્ત **1311**
મા આજીવન ફ્રી ઓલ ઈન વન એકાઉન્ટ

સાથે રેલિગેર દ્વારા 10000 નું
ડિસ્કાઉન્ટ વાઉચર ફ્રી

**ઓનલાઇન અને ઓફ લાઈન બંને સર્વિસ**
**સવારે 8.45 થી રાત્રે 9.00 સુધી ફૂલ ડે સર્વિસ**
**બેસ્ટ IPO અને SME- IPO સર્વિસ**
**માર્જિન ટ્રેડિંગ ફન્ડિંગ 40 લાખ સુધી 90 દિવસ સુધી**
**ડેબિટ સિસ્ટમ વાર્ષિક 21 % ના વ્યાજ દર સાથે**
**માર્કેટ ની બેસ્ટ મોબાઈલ એપ્લિકેશન**
**નોંધ :શેર બઝાર 100% રિસ્કી વસ્તુ છે**

## ભોજાણી ઇન્વેસ્ટમેન્ટ

સંઘવી પાર્ક આતાભાઈ રોડ જોગર્સ પાર્ક
ની સામે રિલાયન્સ ફ્રેશ અને ગધેડીયા ફિલ્ડ
સામે ભાવનગર 364002 ગુજરાત

**નિલેશ નારણભાઇ ભોજાણી 9723398817**

## બી એન્ડ બી એન્ટરપ્રાઇઝ
## (ગીતાબેન નરશીભાઈ ભોજાણી)

ઓફિસ નંબર 8/9 પહેલો માળ
બજરંગદાસ બાપા કોમ્પલેક્સ વાસી
તળાવ મહુવા –364290 ગુજરાત

**નરશી ભોજાણી 9824218830**

**બહારગામ બેઠા ડીમેટ એકાઉન્ટ ખોલી આપીયે છીએ**
**અમદાવાદ, સુરત, પુના, મુંબઈ, વાપી, અંકલેશ્વર, તેમજ દરેક શહેર અને ગામ થી**

# પાસપોર્ટ સર્વિસ

નવા પાસપોર્ટ તેમજ જુના
પાસપોર્ટ
રીન્યુ કરી આપીશું

પાસપોર્ટ ફક્ત **1800** મા કોઈ
પણ એક્સટ્રા ચાર્જ વગર

## જ્ઞાતિ ભોજન



લીલીવાવ નિવાસી સુધીરભાઇ ટપુભાઇ ભુત (શ્રી કૃષ્ણ ટ્રેડીંગ-મહુવા) ના માતુશ્રી સ્વ. અંજવાળીબેન ટપુભાઇ ભુતનું ગત તા. ૨૦/૬/૨૦૨૧ના રોજ અવસાન થયેલ. તેમના સ્મરણાર્થે તા. ૧૮/૩/૨૦૨૨ના રોજ મહુવા સોનાવાલા બાગમાં સમગ્ર મહુવા જ્ઞાતિનું ભોજન (નાત) રાખવમાં આવેલ.



મહુવા (દિહોર) : શામજીભાઇ ઠાકરશીભાઇ ભાસોટિયાના ધર્મપત્ની સ્વ. ઉજીબેન શામજીભાઇ ભાસોટિયા (૭૫) નું અવસાન તા. ૧૯/૩/૨૨ ના રોજ થયેલ. તેમના ઉત્તરકારજ નિમિત્તે તા. 30/૩/૨૨ના રોજ સોનાવાલા બાગ, મહુવામાં જ્ઞાતિ ભોજન રાખવામાં આવેલ.



અમદાવાદ (વતન તળાજા) : રમેશભાઇ અરજણભાઇ પટેલિયા તથા ધીરૂભાઇ તથા લાલજીભાઇ તથા ભરતભાઇ દ્વારા તેમના માતૃશ્રી સ્વ. બાલુબેન અરજણભાઇ પટેલિયા (ઉ.વ. ૮૧) અવસાન તારીખ : ૧૭/૩/૨૦૨૨ના ઉત્તરકારજ નિમિત્તે અમદાવાદમાં તા. ૨૮/૩/૨૨ના રોજ પંચાલવાડીમાં સમસ્ત ખરક જ્ઞાતિ (અમદાવાદ) નું ભોજન રાખવામાં આવેલ.



મહુવા : સાંખડાસર-૨ ના વતની વળિયા નરશીભાઇ કાનાભાઇના માતુશ્રી તથા પ્રાગજીભાઇ નરશીભાઇ વળિયાના દાદીમા સ્વ. પુરીબેન કાનાભાઇ વળિયા (૯૫) તા. ૧૫/૩/૨૨ના રોજ અવસાન પામેલ તેમના ઉત્તરકારજ નિમિત્તે તા. ૨૭/૩/૨૨ને રવિવારે સોનાવાલા બાગ, મહુવામાં સમગ્ર ખરક જ્ઞાતિ મહુવાનું જ્ઞાતિ ભોજન રાખવામાં આવેલ.

મહુવા : રણછોડભાઇ નાથાભાઇ કાપડિયા તથા ભટુરભાઇ નાથાભાઇ કાપડિયા તથા કાપડિયા પરિવાર (મહુવા) દ્વારા સ્વ. નાથાભાઇ કલ્યાણભાઇ કાપડિયા (૮૫) સ્વ. તા. ૨૧/૭/૨૦ સ્વ. બાલુબેન નાથાભાઇ કાપડિયા (૮૫) સ્વ. તા. ૨૪/૩/૨૨ સ્વ. નિલેશભાઇ રણછોડભાઇ કાપડિયા (૧૦) સ્વ. તા. ૭/૯/૨૦૦૦ ના સ્મરણાર્થે મહુવા ખરક જ્ઞાતિ જમણવાર તા. ૪/૪/૨૦૨૨ ના રોજ સોનાવાલા બાગ ખાતે રાખવામાં આવેલ.




સુરત : સ્વ. પ્રેમબેન ગોવિંદભાઇ કોરડિયા ગત ૧૩/૫/૨૧ના રોજ અક્ષરવાસી થયેલ. તેની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે કોરડિયા મથુરભાઇ ગોવિંદભાઇ તથા કોરડિયા બાલાભાઇ ગોવિંદભાઇ તથા ડૉ. કોરડિયા પરશોત્તમભાઇ ગોવિંદભાઇ દ્વારા તા. ૨/૫/૨૨ના રોજ સમસ્ત ખરક જ્ઞાતિ સુરતનું જમણવાર તથા બ્લડ ડોનેશન કેમ્પ કોમ્યુનિટી હોલ ભગવાનનગર, સરથાણા, જકાતનાકા, સુરત રાખવામાં આવેલ છે.



ભાવનગર : છગનભાઇ ખોડીફાડ તથા રામજીભાઇ ખોડીફાડ (એલઆઇસી વીમા એજન્ટ) દ્વારા સ્વ. લાડુબેન બાવભાઇ ખોડીફાડના કારજ નિમિત્તે સમસ્ત ભાવનગર ખરક જ્ઞાતિનું ભોજન તા. ૨૧/૪/૨૨ના રોજ ખરક જ્ઞાતિ વાડી, કાળિયાબીડ, ભાવનગર ખાતે રાખેલ. આ ઉપરાંત ૨૨/૪/૨૨ના રોજ પીથલપુર ગામનું નાત જમણ પણ રાખેલ.



ભાવનગર : સ્વગસ્થ ડાયાભાઇ લાલજીભાઇ પટેલિયા (૬૩) ૨૨/૪/૨૧ના રોજ અવસાન પામેલ તેની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે નિલેશભાઇ ડાયાભાઇ પટેલિયા તથા પરેશભાઇ ડાયાભાઇ પટેલિયા દ્વારા સમસ્ત ખરક જ્ઞાતિ ભાવનગરનું જ્ઞાતિ ભોજન તારીખ ૧૧/૪/૨૨ના રોજ ખરક જ્ઞાતિની વાડીમાં રાખવામાં આવેલ.



મહુવા : સ્વ. કાબાભાઇ ઠાકરશીભાઇ ભાલરિયા તા. ૨૮/૪/૨૨ના રોજ અવસાન પામેલ છે. તેમના ઉત્તરકારજ નિમિત્તે અશોકભાઇ કાબાભાઇ ભાલરિયા (અશોક સ્ટીલ-મહુવા) તથા સુરેશભાઇ કાબાભાઇ ભાલરિયા (રાધે ક્રીએશન-અમદાવાદ) દ્વારા સમસ્ત મહુવા ખરક જ્ઞાતિ માટે તા. ૮/૫/૨૨ના રોજ સોનાવાલાબાગ, બારપરા, મહુવામાં સવારે ૧૧ કલાકે તથા સાંજે ૫ કલાકે જ્ઞાતિ ભોજન રાખવામાં આવેલ છે.

મહુવા : ખોડિફાડ ધીરૂભાઇ ડાયાભાઇ તથા ખોડિફાડ પરિવાર (જલારામ) દ્વારા સ્વ. કનુભાઇ ધીરૂભાઇ ખોડિફાડના પુત્ર ચિ. વિનયના શુભ લગ્ન પ્રસંગે તા. ૩/૫/૨૨૫ના દિવસે સમસ્ત મહુવા ખરક જ્ઞાતિનું જ્ઞાતિ ભોજન સોનાવાલા બાગ, બારપરામાં રાખવામાં આવેલ.

## સાહિત્ય દર્પણ



શું છે?

સ્નેહના આ સુવાળા સબંધોમાં,
ખંજર જેવું લાગે છે તે શું છે?

વાત તો થાય છે બધે હરિયાળીની,
તો પછી આ બંજર જેવું લાગે છે તે શું છે?

અફાટ રણમાં મૃગજળ સિવાય હોય પણ શું?
તો પછી આ સમંદર જેવું લાગે છે તે શું છે?

કોમલ દ્રશ્યો કંડાર્યા છે આ દ્રષ્ટિમાં,
તો પછી આંખમાં કંકર જેવું લાગે છે તે શું છે?

અહીં ક્યાં રહી શકે છે કોઇ એકમેકથી દૂર,
તો પછી આ અંતર જેવું લાગે છે તે શું છે?

કુદરતના નિયમોને આધીન છે આ દુનિયા,
તો પછી આ જંતર-મંતર જેવું લાગે છે તે શું છે?

ક્ષણ ક્ષણ ખૂંટતી રહે સદા આ જીવનમાંથી,
તો પછી 'માનવ, આ નિરંતર' જેવું લાગે છે તે શું છે?

- વિપુલ કોરડીયા 'માનવ'
પ્રાથમિક શિક્ષક, શ્રી રાણાધાર પ્રાથમિક શાળા
- મોરચંદ

**શ્રી સમસ્ત ખરક જ્ઞાતિ જોગ**
**શ્રી ખરક જ્ઞાતિ કેળવણી સહાયક સમાજ સંચાલીત**

**શ્રીમતિ કે.વી. કાપડિયા કન્યા છાત્રાલય, ભાવનગર**
**તથા**
**શ્રી જી.કે. કાપડિયા કુમાર છાત્રાલય, ભાવનગર**

વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં જે વિદ્યાર્થી પ્રવેશ લેવા માગે છે. તેમને છાત્રાલયનો સંપર્ક કરવો.

**છાત્રાલયમાં સુવિધાઓ**

- સંપૂર્ણ સલામતી માટે કેમ્પમાં સીસીટીવી કેમેરા
- રહેવા અને જમવાની ઉત્તમ સગવડ
- વાલી મીટિંગ દ્વારા વિદ્યાર્થીઓની પ્રગતિ વિશે સમાલાપ
- જ્ઞાતિના સંસ્કાર સાથે સંપૂર્ણ શિસ્તબધ્ધ વાતાવરણ
- દરેક રૂમમાં ઓછામાં ઓછી સંખ્યા (૨,૩,૪)
- વ્યાજબી ફી
- પ્રાર્થના, યોગા અને ઇનડોર રમત
- એસી લાયબ્રેરીમાં સંપૂર્ણ દેખરેખ સાથેની વાંચન માટેની અદ્યતન સુવિધા

**(ધો. ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે રીડીંગની અલગ વ્યવસ્થા)**

**કન્યા છાત્રાલય સંપર્ક : ૯૧૫૭૨૪૯૩૮૪**
**કુમાર છાત્રાલય સંપર્ક : ૯૧૫૭૨૪૯૪૩૯**

# GYANMANJARI VIDYAPITH - MAHUVA



**PRE - PRIMARY & GRADE - I to 10 (CBSE BOARD)**
Affiliation No. 430469

## ADMISSIONS OPEN

જ્ઞાનમંજરી વિદ્યાપીઠ - ભાવનગરની
પેટાશાખા તરીકે મહુવામાં કાર્યરત
વિશાળ શૈક્ષણિક સંકૂલ એટલે
**જ્ઞાનમંજરી વિદ્યાપીઠ મહુવા**

**નર્સરી થી ધો. ૧૨ (સાયન્સ-કોમર્સ) ગુજરાતી માધ્યમ ગુજરાત બોર્ડ**

સંપૂર્ણ મેનજમેન્ટ શ્રી નાકરાણી સર, શ્રી પુરોહિત સર, શ્રી અવિનાશ સર ના માર્ગદર્શન હેઠળ નવી મેનેજમેન્ટ ટીમ સાથે.



**Mr. JAY SENTA**
HOD : CBSE & Science
Exp. – 14 Years
Vedic Maths, Mental Ability & Mathematics Expert for different Competitive Exams.
Teaching Experience in different cities of India like Delhi, Pune, Nagpur, Ahmedabad, Rajkot etc..

## GM EDUCATION SYSTEM

- New education strategies for different ages of students.
- More focus on regular test system (LRT, WRT, MRT)
- Career Guidance by Jay sir and Gadhvi sir to every student.
- Special strategy of LSRW in **Nursery** to **Class 2.**
- More & advanced strategy in Class 3rd to 5th for Reading, Speaking, Listening & Writing.
- Pre-Foundation in Class 6th to 8th.
- Foundation in Class 9th & 10th.

## SCHOLARSHIP EXAM FOR SCIENCE

Date : 15-04-22, FRIDAY Time : 10.00 AM

**તા. 25-4-22 સોમવારથી ધો. 11 સાયન્સનાં વર્ગો શરૂ**



**Mr. JIGNESH GADHVI**
HOD : GSEB BOARD & Commerce
Exp. – 14 Years
Best Career Counselor
**TEACHER BHAV VANDANA**
Award winner
Expert in Folk Literature

## કેરિયર કોર્નર



**મોટા થઈને મારે શું બનવું છે ડૉક્ટર, એન્જિનિયર કે શિક્ષક?**

**બસ બહુ થયુ હવે... જ્ઞાતિ ઝંખે છે હવે IAS, IPS, GAS, GPS**

છેલ્લા કેટલાક દાયકામાં આપણી જ્ઞાતિએ શિક્ષણથી શરૂ કરીને ડૉક્ટર, એન્જીનીયર, પ્રોફેસર તથા શિક્ષક જેવા વ્યવસાયમાં ખૂબ જોરદાર સફળતા પ્રાપ્ત કરીને ડંકો વગાડી દીધો છે. સાથોસાથ ઉદ્યોગજગતમાં પણ હરણફાળ ભરી છે. ટૂંકમાં, હાલના સમયમાં આપણે સૌ પહેલાના સમય કરતા પ્રમાણમાં 'વેલસેટ' છીએ. પરંતુ શ્રીમદ્ ભગવત ગીતામાં કહેલ ભગવાન શ્રી કૃષ્ણની વાત - 'પરિવર્તન એ સંસારનો નિયમ છે' એ વાત ભૂલવી ન જોઈએ. અત્યારે સમય છે આપણા શિક્ષણજગતના ધ્યેયના પરિવર્તનની, વિસ્તારવાની, આગળ વધવાની અને આગળ વધીને તેને પામવાની... આપણા જ્ઞાતિના આટલા અધધધ... વિકાસ પછી પણ કેટલાક ક્ષેત્રોને હજી સ્પર્શી શક્યા નથી. આવા ન સ્પર્શી શકેલા થોડાક ક્ષેત્રોમાંથી એક છે IAS, IPS, GAS, GPS જેવી સિવીલ સર્વિસ. તો ચાલો, આ માટે યોજાતી પરીક્ષાનો પરિચય મેળવીએ. આ પ્રકારની પરીક્ષાઓ બે પ્રકારે યોજાય છે. (૧) કેન્દ્ર સરકાર દ્વારા... જેનું સંચાલન UPSC (યુનિયન પબ્લીક સર્વિસ કમિશન) દ્વારા થાય છે. (૨) રાજ્ય સરકાર દ્વારા... ગુજરાતમાં જેનુ સંચાલન GPSC (ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન) દ્વારા થાય છે. બંને પરીક્ષાનું માળખુ લગભગ એક જેવુ જ હોય છે પરંતુ તેમ છતાં કેટલીક બાબતોમાં અલગ પડે છે જે ધ્યાને લેવી જરૂરી છે. આ બધી પરીક્ષાની તૈયારી 'તરસ લાગે કૂવો ખોદવાથી' નહી પરંતુ આપણા વડવાઓ આવનારી પેઢી માટે અગાઉથી જ આંબા વાવતા તેમ ધોરણ-૧૨ પછીથી જ એટલે કે કોલેજ / ગ્રેજ્યુએશન દરમ્યાન જ દરરોજ નિયમિત રીતે થોડો સમય કાઢી તૈયારી કરવાથી સફળતા ચોક્કસ મળે છે.

સૌ પ્રથમ UPSCની પરીક્ષા વિશે જોઈએ. (UPSC -૨૦૨૧ના નોટીફીકેશનના આધારે)

૧. આ પરીક્ષા IAS, IFS, IPS, IRS જેવી ૧૯ કેડર માટે લેવાય છે. જેમાં કલેકટર, ડીડીઓ (જિલ્લા વિકાસ અધિકારી) જેવી અનેક વર્ગ-૧ની પોસ્ટનો સમાવેશ થાય છે. ૨. વેબસાઇટ https://upsc.gov.in (માહીતી માટે) https://upsconline.nic.in (અરજી માટે) ૩. શૈ. લાયકાત : સરકારશ્રી દ્વારા માન્ય યુનિ. માંથી સ્નાતક (ગ્રેજ્યુએટ) ૪. ઉંમર ૨૧ વર્ષથી ૩૨ વર્ષ સુધી ૫. ફી : ૧૦૦/- ૬. પરીક્ષા બે તબક્કામાં લેવાય છે. (૧) પ્રિલીમ પરીક્ષા : જેમાં ૨૦૦-૨૦૦ ગુણના વૈકલ્પીક પ્રકારના બે પેપર એમ કુલ ૪૦૦ ગુણની પરીક્ષા લેવાય છે. જેમાં પરીક્ષા કેન્દ્રો અમદાવાદ, સુરત અને. રાજકોટ હોય છે. (૨) મુખ્ય પરીક્ષા : જે લેખિત અને મૌખિક એમ બે પ્રકારે હોય છે. લેખિતમાં નવ પેપર હોય છે. (કોઈપણ એક ભાષા + અંગ્રેજી + નિબંધ + સામાન્યજ્ઞાનના ૪ પેપર + વૈકલ્પિક વિષયના ૨ પેપર એક કુલ ૯ પેપર) જેના ૧૭૫૦ ગુણ માસિક અને પરીક્ષા એમ બંનેના થઈને ૨૦૨૫ ગુણની પરીક્ષા હોય છે. જેનું પરીક્ષા કેન્દ્ર અમદાવાદ હોય છે. ૭. અન્ય માહીતી : (i) પરીક્ષા સમયે સરકારશ્રી દ્વારા પ્રમાણિત કોઈપણ એક ફોટો આઈડી પ્રુફ સાથે રાખવું ફરજીયાત છે. (ii) નેગેટીવ માર્કીંગ સિસ્ટમ હોય છે. (0.33%) (iii) મહત્તમ ૬ વાર પરીક્ષા આપી શકાય છે.


GPSCની પરીક્ષાની માહિતી (GPSC -૨૦૨૧ના નોટીફીકેશનના આધારે)

૧. આ પરીક્ષા GAS, GPS, જેવી કેડર માટે લેવાય છે. જેમાં કલેકટર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી જેવી વર્ગ-૧ અને મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી જેવી વર્ગ-૨ની પોસ્ટનો સમાવેશ થાય છે. ૨. વેબસાઇટ (i) https://gpsc.gujarat.gov.in (માહીતી માટે) (ii) https://gpsc-ojas.gujarat.gov.in (અરજી માટે) ૩. શૈ. લાયકાત : સરકારશ્રી દ્વારા માન્ય યુનિ. માંથી સ્નાતક (ગ્રેજ્યુએટ) ૪. ઉંમર ૨૦ વર્ષથી ૩૫ વર્ષ સુધી (GEN કેટેગરીમાં) ૫. ફી : ૧૦૦/- GEN કેટેગરી માટે તથા SEBC ને ફી મુક્તિ છે. ૬. પરીક્ષા ત્રણ તબક્કામાં લેવાય છે. (૧) પ્રિલીમ પરીક્ષા : જેમાં સામાન્ય જ્ઞાનના ૨૦૦-૨૦૦ ગુણના વૈકલ્પીક પ્રકારના બે પેપર હોય છે. (૨) મુખ્ય પરીક્ષા : જાહેર કરેલના જગ્યાના ૧૫ ગણા ઉમેદવારને મુખ્ય પરીક્ષા માટે પસંદ કરાય છે. જેમાં ૬ લેખિત પેપર હોય છે. (ગુજરાતી + અંગ્રેજી + નિબંધ + સામાન્યજ્ઞાન ૩ પેપર ) એમ ૬ પેપરના ૯૦૦ ગુણ (૩) ઈન્ટરવ્યુ : જાહેર કરેલ ખાલી જગ્યાના ૩ ગણા ઉમેદવારને ઈન્ટરવ્યુ માટે બોલાવાય છે. જે ૧૦૦ ગુણનું હોય છે. આખરી પસંદગી મુખ્ય લેખિત પરીક્ષા + ઈન્ટરવ્યુ એમ ૧૦૦૦ ગુણમાંથી થાય છે. પ્રિલીમ પરીક્ષાના ગુણ ધ્યાને લેવાતા નથી. પ્રિલીમ પરીક્ષાના કેન્દ્રો મોટેભાગે દરેક જિલ્લા આપવામાં આવે છે. જ્યારે મુખ્ય પરીક્ષા અને ઈન્ટરવ્યુ અમદાવાદ અને ગાંધીનગર ખાતે હોય છે. અન્ય માહીતી : (i) પરીક્ષા વખતે ફોટો આઈડી સાથે રાખવું. (ii) નેગેટીવ માર્કીંગ સિસ્ટમ હોય છે. (iii) મહત્તમ પ્રયત્નોની સંખ્યા સીમીત નથી. (ઉંમરમર્યાદામાં ગમે તેટલી વાર આપી શકાય.)

ખાસ નોંધ : (૧) GPSCમાં આપણે OBC/SEBC કેટેગરીમાં અરજી કરવાની હોય છે. જ્યારે UPSCમાં GEN/EWS કેટેગરીમાં અરજી કરી શકીએ છીએ. (કારણ કે, હાલમાં આપણી જ્ઞાતિ માત્ર ગુજરાતમાં જ OBC કે SEBC માં સમાવેશ થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી પરીક્ષા અને ભરતીમાં GEN કે EWS કેટેગરીમાં આવીએ) (૨) ઉપરોકત તમામ માહીતી માત્ર જાણ માટે છે. દરેક પરીક્ષાને અનુરૂપ નિયમોમાં ફેરફાર થાય છે. જેથી ઉપરોકત માહીતીને ૧૦૦% પ્રમાણીત ન ગણતા જે તે પરીક્ષાના નોટીફીકેશનને પ્રમાણીત ગણવું.

હિરેન એમ. પટેલ - મો. ૯૯૦૧૩૬૪૫૭૨

## જ્ઞાતિ પ્રથમ



મહુવાના વતની અને આશા નર્સીંગ હોમ-વાસી તળાવના સ્થાપક, જ્ઞાતિ-કેળવણી તથા જ્ઞાતિ વિકાસમાં જે હંમેશા ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડ બની રહેનાર ડૉ. બી.ટી. વળિયા સમગ્ર ખરક જ્ઞાતિમાં પ્રથમ M.B.B.S. (૧૯૬૮) છે. આજે પણ સિનિયર સીટીઝનોને પ્રેરણારૂપ બની ડૉક્ટર તરીકે કાર્યરત છે.

## મૃત્યુ નોંધ ફેબ્રુ/માર્ચ - ૨૦૨૨

જસપરા (વસઇ) : ઠંઠ અંજુબેન મોહનભાઇ (૫૦) ૨૩/૨/૨૨
મહુવા : કોરડિયા ભાવિનભાઇ હરિભાઇ (૪૫) ૨૩/૨/૨૨
ધારડી : સેંતા વાલીબેન નાનજીભાઇ (૯૧) ૨૩/૨/૨૨
ઠળિયા : ઢેઢી શામજીભાઇ નારણભાઇ (૭૦) ૨૩/૨/૨૨
વાળુકડ : પટેલિયા રાઘવભાઇ ઉકાભાઇ (૮૫) ૨૪/૨/૨૨
મહુવા : કાપડિયા બાલીબેન નાથાભાઇ (૮૫) ૨૪/૨/૨૨
જસપરા : સેંતા જશોદાબેન ગવરાભાઇ (૯૦) ૨૪/૨/૨૨
ધારડી : કામળિયા જાદવભાઇ બેચરભાઇ (૬૦) ૨૫/૨/૨૨
દાઠા : ટાઢા ગોદાવરીબેન બાવચંદભાઇ ૨૫/૨/૨૨
ઠળિયા : ભોજાણી ભોળાભાઇ આણંદભાઇ (૯૫) ૨૬/૨/૨૨
ભંગાળી : ઠંઠ વળિયા ખાટાભાઇ જસમતભાઇ (૮૫) ૧/૩/૨૨
વાવડી : વળિયા આશાબેન પ્રેમજીભાઇ (૪૫) ૨/૩/૨૨
સાંખડાસર : વળિયા કેશવભાઇ હામાભાઇ (૯૫) ૬/૩/૨૨
ભદ્રાવળ-૩ : પરમાર વિજુબેન શામજીભાઇ (૫૬) ૬/૩/૨૨
પીથલપુર : ખોડીફાડ રામબાઇબેન પાંચાભાઇ (૯૯) ૧૧/૩/૨૨
મોરંગી : ચભાડિયા વાલજીભાઇ બેચરભાઇ (૭૦) ૧૨/૩/૨૨
વાળુકડ : પટેલિયા હકાભાઇ જીવાભાઇ (૯૯) ૧૩/૩/૨૨
કઢવા : સેંતા નરશીભાઇ ભોળાભાઇ ૧૪/૩/૨૨
સાંખડાસર-૨ : વળિયા પુરીબેન કાનાભાઇ (૯૫) ૧૫/૩/૨૨
અમદાવાદ : પટેલિયા બાલુબેન અરજણભાઇ (૮૧) ૧૭/૩/૨૨
મહુવા : ભસોટિયા ઉજીબેન શામજીભાઇ (૭૫) ૧૯/૩/૨૨
પીથલપુર : કુચા ભીમજીભાઇ ગોપાભાઇ (૫૦) ૧૯/૩/૨૨
દાઠા : ટાઢા સીતાબેન પ્રવીણભાઇ (૨૨) ૨૦/૩/૨૨
મહુવા : સેંતા ઘુસાભાઇ સોંડાભાઇ (૭૦) ૨૧/૩/૨૨
મહુવા : ભાલરિયા મોહનભાઇ શામજીભાઇ (૭૪) ૨૨/૩/૨૨
ઠળિયા : ટાઢા પુરીબેન હરિભાઇ (૧૧૧) ૨૨/૩/૨૨
મહુવા : કાપડિયા બાલુબેન નાથાભાઇ (૮૫) ૨૪/૩/૨૨
ઝાંઝમેર : કાપડિયા અક્ષય ભૂપતભાઇ (૧૩) ૨૫/૩/૨૨
કુંતણ (વસઇ) : કુચા રાહુલ મહેશભાઇ (૨૪) ૨૮/૩/૨૨
વડલી : ઠંઠ વિઠ્ઠલભાઇ સગરામભાઇ (૫૬) ૨૯/૩/૨૨
પીથલપુર : વાળાકી ધીરૂભાઇ ખીમાભાઇ (૫૧) ૩૧/૩/૨૨

# શ્રી રામ

ઈન્સ્યોરન્સ & ઓટો એડવાઈઝર

હોટલ દિપની સામે, શિવધારા ગેસ્ટ હાઉસની બાજુમાં, મહુવા ચોકડી-તળાજા.

**ઘર બેઠા ડ્રાઈવીંગ લાયસન્સ રિન્યુ માત્ર રૂા.700**

**ટુ-વ્હીલર થર્ડ પાર્ટી વિમો રૂા. 888 વાળો માત્ર રૂા. 850**

**ફોર-વ્હીલર થર્ડ પાર્ટી વિમો રૂા. 2450 થી શરૂ**

જીજ્ઞેશ સેંતા મો.9913632323

- તમામ પ્રકારના વાહનોના નામ ટ્રાન્સફર.
- પ્રાઈવેટ વાહનનું રીન્યુ ઓફ રજીસ્ટ્રેશન-5 વર્ષ.
- તમામ પ્રકારના વાહનના વિમાને લગતા કામ.
- નવા લાઈસન્સ, રીન્યુ લાઈસન્સ, ડુપ્લીકેટ લાઈસન્સ.
- લાઈસન્સમા કલાસ ઉમેરવા તેમજ હેવી લાઈસન્સ.
- તમામ પ્રકારના વાહનોની સરકાર માન્ય નંબર પ્લેટ.
- નવા ટ્રેલર(લારી) રજીસ્ટ્રેશન .

## R.T.O. તેમજ વિમાના કામના સલાહકાર

હોટલ દિપની સામે, શિવધારા ગેસ્ટ હાઉસની બાજુમાં,
મહુવા ચોકડી - તળાજા.

**સમાચાર દર્પણ**

## સ્નેહ મિલન : અમદાવાદ







અમદાવાદમાં વસતા ખરક જ્ઞાતિજનોનું સ્નેહ મિલન તા. ૨૭/૩/૨૦૨૨ના રોજ પંચાલવાડી અમદાવાદમાં યોજાયુ. આ સંમેલનમાં ૩૦૦૦ ઉપરાંત ભાઈ બહેનોએ હાજરી આપી. અત્યાર સુધીમાં અમદાવાદ નાત કરનાર તમામ લોકોને સન્માનપત્ર આપી સન્માનીત કરાયા ત્યારબાદ શ્રી જેરામભાઇ પટેલિયા, નાથાભાઇ વાયક ખરક સમાજ દર્પણના તંત્રીશ્રી આનંદભાઈ સેંતાએ તથા દેવાંગભાઇ વાયક વગેરે વકતાઓએ જ્ઞાતિના શિક્ષણ અને સંગઠનની વાત કરી. આ પ્રસંગે જ્ઞાતિજનોએ યથાશકિત ફાળો નોંધાવી સંચાલકોનો ઉત્સાહ વધાર્યો. અમદાવાદમાં જ્ઞાતિની વાડી બનાવવાના વિચારને પણ સમગ્ર અમદાવાદ ખરક જ્ઞાતિએ ઉમળકાભેર આવકારેલ અને પૂરતો સહકાર આપવા સંમતિ આપેલ. સમગ્ર કાર્યક્રમને ૧૦૦ ઉપરાંત યુવા મિત્રોએ તથા સંચાલકશ્રી નાથાભાઈ સોલંકી, નટુભાઈ વાળાકી તથા ભરતભાઈ વળિયાએ સફળ બનાવ્યો હતો. કાર્યક્રમના અહેવાલ તથા ફોટા જોવા માટે નીચેની લીંક ખોલો...

**સાયબર સફર**

**સમસ્ત ખરક સમાજ વ્યવસાય ડિરેકટરી - ૨૦૨૨**

આથી તમામ વેપારી, ઉદ્યોગકાર, ડૉકટરો સૌને એક તાંતણે જોડવા માટે આ વરસમાં જ એક

**ખરક સમાજ વ્યવસાય ડિરેકટરી - ૨૨**

પ્રગટ થનાર છે. આપ તમારા વ્યવસાયની બહોળી પ્રસિદ્ધિ માટે તમારી વિગત નીચે આપેલ લીંકમાં આજે જ મોકલો. જો આપ ગુગલ ફોર્મમાં માહિતી ન ભરી શકતા હો તો નીચેની વિગત સાદા કાગળમાં લખી વ્હોટસઅપ દ્વારા ૯૯૨૫૪૮૭૯૫૬ માં વીઝીટીંગ કાર્ડ સાથે તુરંત મોકલી આપો. આપની માહિતી અંકમાં ફ્રીમાં લેવાશે.

### વ્યવસાય ડિરેકટરી ફોર્મ

(૧) દુકાન / પેઢીનું નામ
(૨) કામનો પ્રકાર
(૩) પેઢી / દુકાનનું સરનામુ
(૪) શરૂઆતનું વર્ષ
(૫) માલિક / ભાગીદારનું નામ
(૬) વતન
(૭) હાલ રહેઠાણ
(૮) ફોન નંબર (૧) (૨)
(૯) વિઝીટીંગ કાર્ડ જોડવું

અથવા ગુગલ ફોર્મની લીંક નીચે આપેલ છે. આંગળીના ટેરવે માત્ર ૧૦ મિનીટમાં માહિતી ભરો.

